# વિધાનસભા પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૫/૨૮

**(૧) વિધાનસભા પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૫/૨૮**

**(૨) પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ :-** શ્રી **વિપુલકુમાર પટેલ** (સોજીત્રા)

(૩) જવાબ આપનાર માન.મંત્રીશ્રીનુંનામ :- માનનીય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સહકાર) જણાવવા કૃપા કરશે કે,

| અ.નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS) દ્વારા મોડલ બાયલોઝ અપનાવવામાં આવ્યા છે તે વાત સાચી છે, | હા |
| ૨ | જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એકવર્ષ દરમિયાન કેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓએ મોડલ બાયલોઝ<br>અપનાવ્યા અને કેટલાને બાકી છે,<br>અને | તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યમાં ૯૫૧૬ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS) દ્વારા મોડલ બાયલોઝ અપનાવવામાં આવ્યા છે. જ્યારે ૬૬૧ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS) દ્વારા મોડલ બાયલોઝ અપનાવવાના બાકી છે. |
| ૩ | આ મોડલ બાયલોઝ અનુસાર પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS) કેવા પ્રકારની કામગીરી કરી શકે છે ? | મોડલ બાયલોઝ અનુસાર પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)નીચે મુજબની કામગીરી કરી શકે છે.<br><br>• સભાસદોને કૃષિ અને તેના ઉત્પાદનોને લગતી બેકવર્ડ અને ફોરવર્ડ પ્રવૃત્તિઓના વિકાસ માટે ટૂંકા ગાળાનું ,મધ્યમ ગાળાનું તેમજ લાંબા ગાળાનું ધિરાણ પુરૂ પાડવું.<br>• મંડળીના કાર્ય વિસ્તામાં તેના સભ્યોને તકનીકી અને નાણાકીય સહાય દ્વારા કૃષિ પેદાશો અને તેના ઉત્પાદનો, પશુપાલન/મત્સ્યઉદ્યોગ/ઝીંગા ઉછેર, મરઘાં ઉછેર, મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન (સેરીકલ્ચર), અને અન્ય |

| | | |
|---|---|---|
| | | જમીન/સમુદ્ર આધારિત કૃષિ પ્રવૃત્તિઓ અને તેમની સંબંધિત પ્રવૃત્તિઓ અને તેના પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવું અને વિકસાવવા;<br>• સેવા અથવા વ્યવસાયિક કામગીરીઓ જેવી કે માળખાગત વિકાસ, સામુદાયિક કેન્દ્ર, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અનાજની ખરીદી, વાજબી ભાવની દુકાન, અથવા કોઈપણ સરકારી યોજના, ડીલરશીપ /એજન્સી / વિતરક અથવા એલપીજી/ પેટ્રોલ/ડીઝલ/ગ્રીન એનર્જી /ખેતર અથવા ઘરગથ્થુ ઉપભોક્તા અને ટકાઉ/ફાર્મ મશીનરી, કૌશલ્ય સુધારણા માટે સભ્યોને તાલીમ, વગેરે<br>• લોકર સુવિધાઓ સ્થાપિત કરવી અથવા તેની વ્યવસ્થા કરવી;<br>• નાણાકીય/બેંકિંગ સંસ્થાઓ માટે એજન્ટ અથવા બેંક મિત્ર/બિઝનેસ કોરસપોન્ડન્ટ /બિઝનેસ ફેસિલિટેટર તરીકે કામ કરવું;<br>• સભાસદોને માઇક્રો વીમો/વીમો પૂરો પાડવો;<br>• કાર્ય વિસ્તારમાં લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી) મારફતે સેવાઓ પ્રદાન કરવા માટેની સરકારી યોજનાઓમાં સહભાગી થવું;<br>• કોમન સર્વિસ સેન્ટર તરીકે કામ કરવું;<br>• મોડલ બાયલોઝમાં જણાવેલ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે અનુકૂળ અને આનુષંગિક હોય તેવી અને સભ્યો અને મંડળીના લાભાર્થે સામાન્ય સભા દ્વારા મંજૂર કરવામાં આવેલી અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરવી. |